જૂથાયેલા છે કારોબાર બધાને ચિંતા પેઠી છે,
ઠેલે જવાબદારી બારોબાર, પનોતી બેઠી છે,
વેઠી છે મજૂરી કાર્યકરે, અન્યાય ભારોભાર -
ભરો કારોબારી, પ્રજા એ મોંઘવારી વેઠી છે..
(પક્ષોની કારોબારી બેઠકો)

છાંટ્યું પેટ્રોલ!
હવે પડશે વીજ -
થશે ભડકો!
(ગેસ-વીજળી પણ મોંઘા)

અન્ના ને બાબા..
મતભેદોમાં પણ -
સાથ સાથ હૈં!
(વિવાદોનું સંગઠન)

ચિંતન

माकन्द राज्यपरिम्भण लालितापि मल्लीव धूर्मधूप रात्रवती बभूव ।
दंष्टावापि तत्कुटिलतां न जहाति चूतः प्रायः कुजाति निवहेषु कुतो अभिमानः ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ - 'સામાન્ય નીતિ' માંથી આ શ્લોક લેવામાં આવ્યો છે. હીન જાતિ-સંસ્કાર-કૂળમાં જન્મેલાંઓને ઉચ્ચપદ-માન-સન્માનનું ગૌરવ હોતું નથી. એ સમજાવવા માટે અહીં અર્થાન્તર ન્યાયનું દૃષ્ટાંત છે.

'જૂઈની વેલ રૂપી (નીચ પ્રકારની નાની વેલ સ્વરૂપ) સુંદરીને વિશાળકાય રસરાજ વૃક્ષ આંબો આલિંગન સ્વરૂપે બાથમાં લઇ આશ્રય રૂપ ઉપર ચઢાવે છે, (એ પ્રેમ-ઉપકાર ભૂલી જઇને પણ) જૂઇની વેલનો અનુરાગ તો ભ્રમર તરફ જ રહે છે અને વિવિધ ભ્રમર તરફ જ અનુરાગ કેળવે છે.

આંબો તેની આ કુટિલતા નજરો નજર જોવા છતાં તેને હડસેલી કાઢી ને તેનો ત્યાગ કરતો નથી; અને જૂઇની વેલને પોતાની એ બેશરમી માટે દુઃખ પણ નથી, ખરેખર! હીન જાતિ, નીચ કૂળમાં જન્મેલાંઓને મોટું પદ, સ્થાન, સત્તા મળે છતાં પોતાના જૂના સંસ્કાર અને દુષ્કૃત્યોનો ત્યાગ કરતાં નથી અને પદ-મોભો સ્થાનનું ગૌરવ સાચવતા નથી.'

આજના યુગમાં જયારે વર્ણાશ્રમ મૃતઃપ્રાય અવસ્થામાં છે ત્યારે અને નેતાઓ પોતાની મત-ખીચડી પકાવવા માટે ગમે તેવાં ઇંધણનો સહારો લે છે ત્યારે શિક્ષક-ગુરુ-ડોકટર-ઇજનેર-વિજ્ઞાની બધાં જ સ્થાન રાષ્ટ્રપતિ હોય કે પ્રધાનો ગૌરવહીન થતાં જાય છે.

સુવિચાર

- ઇતિહાસ સિવાય ગમે તે વાંચો, પણ ઇતિહાસ નહીં જ કારણ કે ઇતિહાસ હંમેશાં ખોટો જ હોય છે **- રોબર્ટ વોલમોલ**
- ઇશ્વર મળવા આવે ત્યારે બારણે ટકોરા મારતો નથી **- જ્યોર્જ હર્બર્ટ**
- શરીર મરવાથી નહીં, મન મરવાથી મુક્તિ મળે **- ડોંગરેજી**
- જેના હૃદયમાં સત્ય છે તેનું મન નિર્ભય છે **- ગાંધીજી**
- પરણ્યા પહેલાં સ્ત્રીની પ્રશંસા કરવી એ રૂચિની વાત છે, પણ પરણ્યા પછી પ્રશંસા કરવી એ જરૂરિયાત છે **- ડેરોથી ડીક્સ**
- યુદ્ધ' નો ચોખ્ખે ચોખ્ખો મતલબ એવો થાય છે કે ઘર સળગાવી ખાવાનું રાંધવું **- એનન**
- સ્ત્રીનું મન અને શિયાળુ પવન એ બન્નેને બદલતાં જરાય વાર લાગતી નથી **- જોન રે**

બોધકથા

આપણે રોજીંદી ખરીદી, શાકભાજી લીધા પછી કે આખા દિવસના ખર્ચનો રાત્રે તાળો મેળવીએ છીએ. બેન્કની પાસબૂક-આવક અને સંસ્થાના ચાર્ટડ-એકાઉન્ટ થાય છે. આમાં જો ભૂલ આવે હિસાબ ન મળે તો કેવો ઉચાટ થાય છે? ને, હિસાબ મળી જાય તો કેવો આનંદ થાય છે? આપણી જિંદગીના જે 'દિવસો' ખર્ચાળ છે તેનો કોઇ'દિ હિસાબ મેળવ્યો છે?!

સંત એકનાથ શરૂઆતમાં એક વેપારી સ્વામી જનાર્દનને ત્યાં હિસાબ લખવાનું રોજમેળનું મુનિમનું કામ કરતાં હતા..

એકવાર રાત્રે હિસાબ લખવા બેઠા. સ્વામી જનર્દિન બાજુમાં જ સૂતા હતા. એકનાથ હિસાબ લખવા બેઠા. દરરોજનો એકાદ કલાકમાં જ હિસાબ લખાઇ જતો અને આવક-જાવકનું મેળવણું થઇ જતું પણ આજે 'બે પૈસા' ની ભૂલ આવ્યા જ કરતી હતી. ફરી સરવાળા કર્યા, બિલ-વૌચર જોયાં આવકનાં અને જાવકનાં ફરી સરવાળા-બાદબાકી કર્યાં પણ 'બે પૈસા'ની ભૂલ નિકળતી જ નો'તી. રાત્રેના ત્રણ વાગી ગયા. આખરે ભૂલ મળી. એકનાથે આનંદથી 'ચીસ' પાડી. બાજુમાં સૂતેલા જનાર્દન જાગી ગયો. પૂછ્યું શું થયું?

એકનાથે આખી રાતની વ્યથા-કથા કહી. અંતે ભૂલ મળી જતાં 'આનંદ'ની ચીખ થઇ ગઇ.

જનાર્દન સ્વામીએ કહ્યું, બે પૈસાની ભૂલ માટે તેં જે ઉજાગરો કર્યો તેવી તલ્લીનતાથી ઇશ્વરની ભક્તિ કરી જીવનનો હિસાબ મેળવી તારું જીવન કૃતાર્થ કેમ નથી કરતો?!

.. સંત એકનાથે ભક્તિને જીવનનો રોજમેળ બનાવ્યો.

માનવ ગમે તેટલા ઊંચા સ્થાને પહોંચી જાય છતાં પહેલો પ્રેમ, પહેલો વ્યવસાય, પહેલું સંતાન જેવી પહેલાં વહેલી પ્રાપ્ત થયેલ સફળતા માટે કેટલો રોમાંચિત હોય છે

નવાં ક્લેવર
- નટવર હેડાઉ

જ્ઞાન વૃધ્ધ સૂર્ય ક્ષિતિજની પેલે પાર અસ્તાચળ તરફ આગળ વધવા ઉત્સુક હતો ત્યાં સાંજે રમતીયાળ ઉંદરડીની જેમ દરમાંથી મોં બહાર કાઢવું. મોકો મળતાં જ તે બહાર આવવા તે રીતે ઉતાવળી થઈ જેવી રીતે લાંબા સમયથી અંધકુપમાં પડેલી અજ્ઞાની બહાર નીકળવા ઉત્કંઠીત થઈ જાય.

સાંજના છ વાગ્યા હશે.

જૅટ ઍરવેઝના બિઝનેશ કલાસની બારી પાસે બેઠેલ પૂર્ણાક આંખો મીંચી કોણ જામે કંઈક વિચારતો હતો. આકાશના બદલાયેલા રંગોની જેમ તેના ચહેરા પર બદલાતા ભાવો જોઈ એ નક્કી કરવું મુશ્કેલ હતું કે તે ભયગ્રસ્ત છે, ચિંતાગ્રસ્ત છે કે ચિંતનગ્રસ્ત છે? આટલી ગહન વિચારણાનું કારણ શું છે? તે પહેલીવાર વિમાનયાત્રા કરી રહ્યો હતો. જીવનમાં પહેલીવાર કરવામાં આવતા દરેક કાર્યનો અનુભવ કેવો અદ્ભૂત હોય છે. માનવ ગમે તેટલા ઊંચા સ્થાને પહોંચી જાય. છતાં પહેલો પ્રેમ, પહેલો વ્યવસાય, પહેલું સંતાન જેવી પહેલાં વહેલી પ્રાપ્ત થયેલ સફળતા માટે કેટલો રોમાંચિત હોય છે. પ્રથમ હવાઈયાત્રા પણ કંઈ ઓછી રોમાંચક નથી હોતી. ખાસ કરીને તે મુસાફરી કરનાર એવો વ્યક્તિ હોય જે પચ્ચીસ વર્ષ પહેલાં ખુબ જ આસાનીથી તે કરી શકે તેમ હોય.

ખરેખર પૂર્ણાકની તો ઈચ્છા આ મુસાફરી પચ્ચીસ વર્ષ પહેલાં કરવાની હતી. અત્યારે એ પચાસની ઉપર પહોંચી ગયો હતો. પરંતુ તેનો ઉત્સાહ અને ચહેર-મહોરાને જોતાં એમ લાગે કે તે પાંત્રીસી ચાલીસનો યુવાન હશે. આજે પણ તેના માથા પર મોટા ભાગના કાળા વાળ હતા. ભરાવદાર ગાલ, પડછંદ કાયા, સુઘડ દ્વેત પંક્તિ અને આંખો પરના ચશ્મા તેના વ્યક્તિત્વને એક નવો જ ઓપ આપતાં હતા. તેની વાતચીત કરવાની ઢબ અને પોષાકથી તેના દેખાવમાં શ્રીમંતાઈ ઝલકતી હતી. હાં, તે આજકાલનો નવો શ્રીમંત ન હતો. પોતાના કૅરિયરના શરૂઆતનાં વર્ષોમાં જ તેણે એટલી ધન-સંપત્તિ એકઠી કરી લીધી હતી કે તે ધારે તો કયારનો વિમાનની મુસાફરી કરી શકત. પણ વાત એમ હતી કે એવું કહેવાય છે કે જયારે નસીબમાં જે લખ્યું હોય ત્યારે જ મળે. આજે તે 'ચૅન ઑફ કંપનીઝ'નો માલિક હતો. પ્રૉપર્ટી ડીલીંગ વ્યવસાયમાં તેનો દબદબો હતો. પણ આશ્ચર્ય એજ વાતનું હતું કે આજદિન સુધી હવાઈ યાત્રા કરવાની તેની ઈચ્છા પુરી થઈ નહતી. તેના ઘણાં કર્મચારી વિમાનયાત્રા કરે ત્યારે તે ઘણીવાર કહેતો જુઓ ને મારું નસીબ જ નબળું છે. હું રોડ અને રૅલ માર્ગથી આગળ વધ્યો નથી ને તમે હવાઈ માર્ગે મુસાફરી સહજ રીતે કરો છો.

તે આઠ વર્ષનો હતો ત્યારે કોણ જાણે કોઈ જયોતિષીએ તેની માને કહેલું કે તમારા જીવતે જીવ પૂર્ણાક ને હવાઈયાત્રામાં ખતરો છે. મા નાં જીવતાં દીકરાને ખતરો? આ તે કેવી વાત? તેની મા ને જયોતિષશાસ્ત્રમાં ખુબ શ્રધ્ધા હતી. વળી પૂર્ણાક તેનો એકનો એક દીકરો હતો. તેણે પુત્રને વિમાનયાત્રાની પરવાનગી ન આપી. એટલું જ નહીં પણ મા એ તેની પાસે સોગંધ લેવડાવ્યા કે મારા જીવતે જીવ તું વિમાનમાં નહીં બેસે. આમ તો પૂર્ણાક અકડાઈ વાળો હતો. પણ મા પ્રત્યે તેને ખૂબ આદર અને શ્રધ્ધા હતી. તેના પિતાજી બાળપણણાં જ ગુજરી ગયા હતા. મા એ તેને ખૂબ સંઘર્ષ કરી મુશ્કેલીઓ વેઠી મોટો કર્યો હતો. તેથી એ માં નો બોલ ઉથાપતો ન હતો.

પૂર્ણાકની વ્યવસાયિક સફળતા માટે લોકો આશ્ચર્ય પામતા. પિતાની સામાન્ય સ્થિતિમાંથી આ સ્થાને પહોંચવું એ ખરેખર આશ્ચર્યજનક જ હતું. યુવાવયે તેણે જમીન લે-વેચનો ધંધો શરૂ કર્યો તેમાં બહુ ટૂંકા ગાળામાં તેના પાસા પોબારા પડ્યા હતા. જમીનના વધતા ભાવોને કારણે તે ટૂંક સમયમાં જ પૈસાપાત્ર થઈ ગયો. પૂનમ સાથે લગ્ન થયાં તો તેની સફળતાનો શંખનાદ ફૂંકાવા લાગ્યો. એ પછી તેણે પાછું વાળીને જોયું નથી, આજે તે પચાસેક કંપનીઓનો માલિક છે. ઈજારો કર્મચારીઓનું ભવિષ્ય ઘડતર તેના હાથની વાત છે. દેશભરમાં અનેક વ્યવસાયિક શાખાઓ અહીં તહીં ખોલી છે. હવે તો તેની પોતાના બે દીકરા પણ મોટા થઈ ગયા છે અને તે ધંધામાં મદદ કરવા લાગ્યાં છે.

તેને પોતાની સફળતાનું બહું જ અભિમાન આવી ગયું હતું પરંતુ આજે પ્લેનમાં મુસાફરી કરતાં તેના મનમાં હલચલ મચી ગઈ. હવાઈપટ્ટી પરથી ઊડીને પ્લેન ઉપર અહીં સીધું થયું ત્યારે તેણે બારીમાંથી નીચે જોયું. તે જોઈને દંગ રહી ગયો કે તેનું શહેર કેટલું નાનું છે. તેમાં તેની પોતાની કંપનીઓ અને જમીનનો કારોબાર તેને પહેલીવાર પોતાના લઘુતાનો અનુભવ થયો. ધીરે ધીરે એ દશ્યો વિલુપ્ત થતાં એ એક વિચિત્ર મનોમંથનમાં પડી ગયો. તેનું એ ચિંતન ધીરે ધીરે એટલું ગહન થયું કે બાજુમાં બેઠેલા મુસાફરો કહ્યા વિના રહી ન શક્યા કે 'દુનિયા ઉપરથી કેટલી નાની લાગે છે.' ભાવાતિરેકમાં ખોવાયેલું મન તેઓ રસ્તો શોધી લે છે.

'શું તમે પહેલીવાર વિભાગમાં બેઠાં છો?' તેની પાસે બેઠેલ પ્રૉફેસર શુકલાજીએ એમની તરફ જોઈને પૂછ્યું. પ્રૉ. શુકલા તેમના જ શહેરમાં ઍસ્ટ્રોનૉમી એટલે કે ખગોળના પ્રૉફેસર હતા. તેને ખબર હતી કે પૂર્ણાક શહેરમાં પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ છે. તેથી પ્રશ્ન પૂછતાં તેમણે આશ્ચર્ય થયું. શુકલાજી પૂર્ણાક ને બરાબર ઓળખતા હતા કારણ કે ઘણી વખત છાપાંઓમાં તેમની જાહેરાતો આવતો હતો.

'હાં, જ, હું પહેલીવાર આજ વિમાનમાં બેઠો છું.' એમ કહેતાં તેમણે અત્યાર સુધી હવાઈ મુસાફરી ન કરવાનું કારણ કહ્યું ત્યારે શુક્લાજીનું કુતૂહલ શમ્યું. પણ પૂર્ણાકે શુક્લાજી તરફ ફરીને કહ્યું, 'આ વિમાનની મુસાફરી કરવાની મને એટલું સમજાયું છે કે આપણે કેટલા નાના છીએ.'

પ્રૉ. શુક્લાએ હવે તેની તરફ એ રીતે જોયું જેમ કોઈ અનુભવી ગુરુ પોતાના શિષ્ય તરફ જોતો હોય છે. તેણે પૂર્ણાકના મનની અપૂર્ણતાને માપી લીધી. જ્ઞાન પ્રદર્શિત કરવાનો આનાથી સારો મોકો કર્યો હોય. પૂર્ણાકની તરફ ફરી એ બોલ્યા, 'તમે પૂનમના ચંદ્રને તો ગઈ કાલે જોયો જ હશે. તે આપણી પૃથ્વીથી અડધો પણ નથી.'

'હું આ ચંદ્ર, તારા ગ્રહ અને નક્ષત્રો બાબતમાં કંઈ જાણતો નથી. મારી તો આખી જિંદગી ધંધાનો વિકાસ કરવામાં જ વીતી ગઈ.' પૂર્ણાકે કહ્યું.

પ્રૉ. શુક્લા ખુશ થઈ ગયા. જ્ઞાનીની બાજુમાં બેઠેલ અજ્ઞાની કેવો ફાયદાકારક હોય છે એ આજે તેમણે અનુભવ્યું. તેમનો આત્મ વિશ્વાસ પૂનમનાં ચંદ્રની જેમ ખીલી ઊઠ્યો. આંખોમાં ચમક આવી ગઈ. પૂર્ણાક તરફ જોઈને ફરીવાર તેણે કહ્યું, 'તમને એ જાણીને આશ્ચર્ય થશે કે જે રીતે ચંદ્ર પૃથ્વીથી નાનો છે. તેમ પૃથ્વી બુધ અને શનિ જેવા ગ્રહો કરતાં અડધી પણ નથી.'

'ખરેખર! મને તો માજ પહેલીવાર તમારી પાસેથી ખબર પડી.' પૂર્ણાકની આંખોમાં કૌતુક દેખાતું હતું.

'હાં બિલકુલ એવું જ છે. તેનાથી આગળ વધીને વાત કરું તો સૂર્ય તો બુધ અને શનિ કરતાં અનેક ગણો છો.' પ્રૉ. શુક્લાને જાણે કે આજે સુપાત્ર શિષ્ય મળી ગયો હતો.

'ઓહ! શું સૂર્ય એટલો મોટો છે?' પૂર્ણાકે આશ્ચર્ય મુગ્ધ થઈને કહ્યું.

'અરે! તેની કયાં વાત કરો છો. સૂર્યને જો આપણે ક્રિકેટના બૉલ જેવડો કલ્પીએ તો પૃથ્વી લખોટી જેવડી લાગે. અરે એથી આગળ કહું તો આ બ્રહ્માંડમાં અનેક તારાઓ છે તેને દડા જેવડા ગણીએ તો સૂર્ય લખોટી જેવડો લાગે. ત્યારે તુલનાત્મક રીતે આપણી પૃથ્વી તો એક બિંદુ સમાન દેખાય. ત્યાં આપણી પૃથ્વીનો દેખાવ પણ નહીં.' શુક્લાજીનો વાક્ પ્રવાહ ચાલુ હતો.

'અરે! બાપ રે આ બધું તો અત્યાર સુધી હું જાણતો જ ન હતો. તમે તો મારી જીજ્ઞાસા વધારી દીધી.' પૂર્ણાકે કહ્યું.

'આ બ્રહ્માંડ અનંત રહસ્યોથી ભરેલું છે. તે અબજો વર્ષ જૂનું છે. આ બ્રહ્માંડમાં સૂર્યથી અનંત ગણા અસંખ્ય તારાઓ નિહારિકાઓ, પૂંછડીયા તારાઓ અને આકાશગંગા કેટકેટલું છે. એમાં એવા એવા બ્લૅકહૉલ છે. જેમાં અસંખ્ય પૃથ્વીઓ સમાઈ શકે. આ તારાઓ અવિરત બનતા અને તૂટતાં રહે છે. એવું કહેવાય છે કે, આ બ્રહ્માંડની પેલે પાર બીજા અનેક બ્રહ્માંડો છે. જેને માનવ આજ સુધી શોધી શક્યાં નથી.' શુક્લાનું જ્ઞાન છલકાઈ રહ્યું હતું. વધુ હું પચાવી નહીં શકું. હાં પણ તમે અત્યારે કયાં જઈ રહ્યાં છે. 'પૂર્ણાકે પૂછ્યું.'

'હું વડોદરા જઉં છું. એક વિસ્મયકારી ખગોળીય ઘટના બનવાની છે. શુક્ર ગ્રહ સૂર્યની આગળ વધશે. આ ઘટનાને શુક્ર સંક્રમણ કહેવામાં આવે છે. જે દર ૧૧૫ વર્ષે બનતી હોય છે. કોઈ પણ વ્યક્તિ તેના આયુષ્ય દરમિયાન એક જ વખત આ ખગોળની ઘટના જોઈ શકે છે. પ્રૉ. શુક્લાએ કહ્યું અને તે જોવા માટેના ફિલ્ટર ચશ્મા તેણે પૂર્ણાકને બતાવ્યાં.'

'ઓહ! તો વાત એમ છે.' કહી પૂર્ણાક વિચારમાં ગરકાવ થઈ ગયો. તેણે સીટ પાછળ માથું ટેકવી આંખો મીંચી દીધી. તે મનમાં વિચારવા લાગ્યો. આ બૃહદ બ્રહ્માંડમાં આપણી પૃથ્વીની શું વિસાત છે? કેટલી શુદ્ર? કેટલી લઘુ? આ અસ્તિત્વમાં પણ બીજા કેટલાં અસ્તિત્વો માથું ઊંચું કરીને ઊભાં છે. કેટલી બધી સંસ્કૃતિઓ, કેટલાં શહેરો, મોટી મોટી નદીઓને ઊંચા પર્વતો, કેટલા ધર્મ, કેટલી જાતિઓ, કેટલાં યુધ્ધ, કેટલી સમસ્યાઓ, કેટલી મજબૂરીઓ, કેટલી સરકારો, દેશ અને વિચારધારાઓ એ બધાની વચ્ચે એક પરપોટા જેવો માનવ. આ બધાને ઉત્પન્ન કરનાર ઈશ્વર કેવો મહાન છે. મહાન હોવા છતાં સદા મૌન, તેને કોઈ દંભ નહીં. પણ માનવ નશ્વર હોવા છતાં કેટલો દંભી છે. એ વિરાટ પાસે સૌ વામન. પૃથ્વી પરના પર્યાવરણને બચાવવાનો મિથ્યા ભ્રમ, નાની નાની સમસ્યાઓ માટે કેવા મોટ તનાવો. અણુ સમાન હોવા છતાં કેટલો મોટો ગર્વ કરી માનવ દુઃખી થાય છે. આજે પૂર્ણાક ને જાણે કે બધા જ પ્રશ્નોના જવાબ મળી ગયા હતા. તે વિચાર મગ્ન હતો ત્યાં પ્લૅન નીચે ઉતરી રહ્યું હતું.

પ્લૅનમાંથી ઉતરીને બહાર આવ્યો ત્યારે શહેરની તેની શાખાનો મેનેજર તેને રીસીવ કરવા આવ્યો હતો. તેણે તેની હાથમાંથી બ્રીફકેશ લેવાની કોશિષ કરી. પણ પૂર્ણાકે હાથ પાછો ખેંચી લીધો.

'શેઠ તમને કંઈ તકલીફ તો પડી નથી ને' મેનેજરે પૂછ્યું.

'હું શેઠ નહીં માત્ર સંચાલક છું.' એટલું કહી તે કારની તરફ આગળ વધી ગયો.

- vanvihari@gmail.com

સ્ત્રીના હૃદયમાં એક દૈવી અગ્નિની ચિનગારી હોય છે, જે સુખમાં સુષુપ્ત રહે છે પણ દુઃખનાં અંધારામાં ઝળહળી ઉઠે છે

પારિજાત
- રેખા ભટ્ટ

મેં છત્રીને પૂછ્યું
'તારી નિયતિ શું?'
મલકાઈને એ બોલી
ખૂલવું - બંધ થવું
પલળવું - સુકાવું
અને માળિયાના કોઈક ખૂણે પડી રહેવું.
મેં પૂછ્યું.
'તને સંતોષ છે?'
એણે કહ્યું - 'હા'
મેં પૂછ્યું : 'કેમ?'
એણે શરમાતાં શરમાતાં કહ્યું:
'આકાશને ઝીલવાનો રૉમાંચ
તમેપુરૂષો ક્યારેય નહીં સમજી શકો.'
- કિશોર શાહ

પેલો શ્લોક છે ને? ૐ પૂર્ણમદ... પૂર્ણમિદં.... પૂર્ણમેવાવ શિષ્યતે। અર્થાત શૂન્ય એ પૂર્ણ છે. એમાં કંઇ ઉમેરી શકાતું નથી કે ઓછું કરી શકાતું નથી. આમ તો શૂન્ય એટલે કંઇ જ નહીં. કશું જ નહીં એવો સામાન્ય અર્થ છે. પણ એનો વિશિષ્ટ અર્થ છે સંપૂર્ણ. એવી સંપૂર્ણતા કે જેમાં કંઇ પણ વધારે કે ઘટાડો શક્ય જ નથી.

સ્ત્રી પણ એવી જ છે. સંપૂર્ણ સામાન્ય નજરે જુઓ તો એમ લાગે કે સ્ત્રી એટલે સેકન્ડ રૅન્ક. કેમ કે, પહેલો રેન્ક તો પુરૂષનો જ. ઉપર છલ્લી રીતે જોઈએ તો વાત સાચી પણ લાગે. કેમ કે, પુરૂષનો રૂઆબ - પ્રભાવ - મિજાજ - જોઈને આવો ભ્રમ થાય તે શક્ય પણ છે, એટલે જ સર્વ સામાન્ય માન્યતા પણ એવી જ કે સ્ત્રી થઈને જન્મવું એટલે બાપડા - બિચારા - ઓશિયાળા થઈને આ જીવન સહેવું.

સ્ત્રી, આ આપણી કવિતાની છત્રીની જેમ - મોટા ભાગે માળિયાના કોઈક અંધારા ખૂણે પડી રહેલી લાગે - તદ્દન ઉપેક્ષિત અને તરછોડાયેલી. પણ હકીકતમાં સ્ત્રી સંપૂર્ણ છે. એના જીવનને સમગ્રતાથી જોઈએ તો એનામાં જેટલી પૂર્ણતા છે એટલી બીજા કોઈમાં નથી.

પોતાના ઘર - વર - બાળકો પાછળ રાત - દિવસ મથ્યા કરે છે. આયખું ઘસી નાખે છે પણ બદલામાં મેળવે છે કેટલું બધું વ્હાલ અને માન. દિવસભરની રોજિંદી કામગીરીથી પરવારીને દિવસ ઢળતાં, પતિનો હસતો - હળવોફૂલ ચહેરો જોઈને એનામાં તાજગી આવી જાય છે. 'કેમ, બહુ કામ પહોંચ્યું?' કે બહુ થાકી ગઈ? કે તું, આજે સરસ દેખાય છે. સાવ સાદા શબ્દો અને સાચી લાગણી એનામાં નવી સ્ફૂર્તિ ચેતના ભરી દે છે અને દિવસભરનો પરિશ્રમ લેખે લાગે છે.

એક ઉચ્ચ અધિકારીનાં વિદેશી પત્ની જેમને પતિ તરફથી અનહદ પ્રેમ અને સન્માન મળે છે. તેમ છતાં ઊંડે ઊંડે એમનામાં એક પ્રકારની ઉદાસી - ખાલીપો જણાય છે. કેમ કે, તેમને અધિકારીનાં કુટુંબમાં ગૃહિણી તરીકે કામ કરવાનો અધિકાર નથી મળ્યો. હક્કથી રસોડામાં જઈ શકતાં નથી. ત્યારે તેમને લાગે છે કે - **"This marriage was mistake."** કેમ કે, તેમને પતિના હૃદયમાં સ્થાન મળ્યું છે પણ સંસારમાં નહીં.

જેને પોતાના ઘરસંસારમાં, તાવડી - તપેલો - ઘરવખરી - નાની મોટી ખરીદી - રોજિંદી સાફસફાઈનો ભાર નથી તેને સતત કંઈક ખૂટતું લાગે છે.

અને એમાંય પોતાના બાળકને જન્મ આપવા સ્ત્રી મોતની છાયાની ખીણમાં પ્રવેશે છે અને મનની બાજી લગાવીને નવશિશુ ધરતી પર અવતારે છે ત્યારે તે સર્વાંગ સંપૂર્ણ સ્ત્રી બની જાય છે, મા બનીને!

સમય જતાં, ઘરમાં બધાં હાજર હોવા છતાં, બહારથી આવતા સંતાનનો પહેલો પ્રશ્ન હોય - 'મમ્મી નથી?' એની નજર ચારેકોર ફરી વળે અને મમ્મી ઘરમાં જ છે એવી જાણ થાય ત્યારે સંતાનના ચહેરા પર આનંદ છલકાય, અને તે સૌને દેખાય.

દરેક સ્ત્રીના હૃદયમાં એક દૈવી અગ્નિની ચિનગારી હોય છે. જે સુખમાં સુષુપ્ત રહે છે પણ દુઃખનાં અંધારામાં ઝળહળી ઉઠે છે.

સ્ત્રી એટલે જ - વ્હેંચવું - વિખરાવું - ઝીલવું. ઘણુંયે આપવું અને સામે અઢળક પામવું.

"એક સરખો ગર્વ બંનેને થતો વ્યક્તિત્વનો,
એક ઊંડી ખીણ પર્વતના શિખર સામે હતી"

- ખલીલ ધનતેજવી

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૬ઠ્ઠી જૂન



- માત્ર ૨૫માં વર્ષે પોતાની પહેલી નવલકથા 'બુડેન બ્રુક્સ' થી અગ્રગણ્ય જર્મન લેખક તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરનાર ટોમસ માનનો જન્મ તા. ૬-૬-૧૮૭૫.

અનેક નિબંધ સંગ્રહ, આત્મકથા નવલકથાના વારસો વિશ્વ સાહિત્યને ભેટ આપનારા, નોબેલ પારિતોષિક વિજેતા આ લેખકે 'નવલિકા'નો પ્રકાર સાહિત્યમાં લોકપ્રિય બનાવ્યો. ૧૯૫૫માં તેમનું અવસાન થયું.

- મહાત્મા ગાંધીજીએ ઉપાડેલી 'ચંપારણ્ય'ની લડતનો અંત આવ્યો - ૧૯૧૭.



- ૧૯૫૩માં તિબેટીઓના ધર્મગુરુ દલાઇ લામાનો જન્મ.
- ૧૮૮૮ પ્રતિભા સંપન્ન વ્યક્તિ વલ્લભવિદ્યાનગરના આદ્ય સ્થાપક ભાઇલાલભાઇ - ભાઇકાકાનો જન્મ.
- ૧૪૯૪ની ૬ઠ્ઠી જૂન - બાબરના પિતા ઉમર શેખ મીરઝાનું અવસાન.

'રામરાજય' થી 'રાઉડી રાઠોડ' સુધીનાં ફિલ્મીયુગમાં બુરખાથી બિકીની સુધીનાં ફેશનની ઉથલપાથલ થઇ

Hello ફ્રેન્ડસ!
- સંજય થોરાત

ગયાં હપ્તે વિદ્યા બાલનનાં થ્રી ફોર્થ બ્લાઉઝની ફેશન સુધી અટકેલાં ત્યાંથી આગળ ફરી ૬૦-૭૦ નાં દાયકાની ફેશનનાં ફલૅશબૅકમાં ડોકીયું કરીએ... રાજેશ ખન્નાની કેચીકટ બાલની સ્ટાઈલ કે પછી ધર્મેન્દ્રની ગોટલાં બતાવવાં હાફશર્ટની બાંયો ફૉલ્ડ કરવાની સ્ટાઈલ હોય એનાં ફૉલોઅર્સ હતાં જ... દેવાનંદની ચૉકલેટી હીરોની ઈમેજ બાદ મસલ્સમૅન ધર્મેન્દ્રએ યુવતીઓ પર કામણ પાથર્યાં અને એની ઝપટમાં ડ્રીમગર્લ હેમામાલીની પણ બાકાત ના રહેતાં ધર્મેન્દ્રનાં નામનું મંગળસૂત્ર પહેરી લીધું!!

આપણાં મમ્મી-પપ્પાનાં જમાનામાં બ્લૅક ઍન્ડ વ્હાઈટ આલ્બમમાં કેટલાંય યુવાનો ધર્મેન્દ્રની જેમ હાફશર્ટ ફૉલ્ડ કરવાની સ્ટાઈલ મારતાં દેખાશે અને છોકરીઓની હેર સ્ટાઈલ પેલી શર્મિલા ટાગૉરનાં સુઘરીના માળા જેવી જોવામાં આવશે... સમકાલીન ફિલ્મોનો પ્રભાવ એટલો કે સ્ટાઈલ સૌ ખુશીથી અપનાવે. આમ જોવા જાવ તો મુમતાઝનો ચહેરો મીઠો અને આકર્ષક પણ છતાંય એ કાંઈ કરીના, કેટરીના કે પ્રિયંકા તો શું પણ પ્રિતી, સુસ્મિતા કે કરિશ્માની લાઈનમાંય ના આવે અને છતાંય એનાં વાળ, કપડાં અને મૅકઅપની સ્ટાઈલ એ વખતની કૉલેજીયન છોકરીઓ અપનાવતી!!

શિફૉનની લીસ્સી-ટ્રાન્સપેરન્ટ સાડી અને એવાં જ કલરનાં નાની બાંયના કે સ્લિવલૅસ બ્લાઉઝની ફૅશન મુમતાઝ લાવેલી. 'જય જય શિવશંકર' ગીત યાદ કરી જુઓ. પછી આજ ફૅશન ઘણાં વર્ષો પછી યશ ચોપડાની તમામ હીરોઈનોએ ફૉલો કરી. માત્ર 'દિલ તો પાગલ હૈ' પછી શિફૉનની સાડી પ્રત્યેનો પ્રેમ થી યશ ચોપડાએ છુટાછેડા લીધાં અને એની હીરોઈનો એકદમ માઈક્રોમાં આવવાં લાગી!!

ભારતની સ્વતંત્રતા પૂર્વે અને એ બાદ પણ ભારતીય સમાજ અને ફિલ્મો એમની ઓળખ સાબિત કરવા મથી રહ્યાં હતા. એ વખતમાં આવેલી 'કાલાપાની' ની પત્રકાર મધુબાલા કે 'તેરે ઘર કે સામને' ની નૂતન જેવી જિંદગી બનાવવાની કેટલીય યુવતીઓની તમન્ના હતી... દેવાનંદની લવર બૉયની ઈમેજથી કેટલાંય યુવાનો પ્રેમી બન્યા તો, યુવતીઓ દેવાનંદ જેવાં ચૉકલેટી યુવાનોમાં સ્વપ્ના જોતી થઈ!! એજ જમાનામાં રાજકપૂર અને દિલીપકુમારની એન્ટ્રી થઈ અને એમણે ભારતીય સમાજ અને એની વાસ્તવિકતા કચકડે મઢવા માંડી. 'શ્રી ૪૨૦' ની રાજકપૂરની સ્ટાઈલ એનો લૂક અને એકદમ ફ્રેશ

અને આપણામાંનો લાગતો આ હીરો સૌને ગમી ગયો... અશોક કુમાર જેવાં કલાકારો પણ ધોતી કુર્તાને દોરીએ સુકવી પેન્ટ શર્ટમાં આવી ગયાં અને એમની જેમ જ કૉલેજ અને કચેરીમાં કામ કરતાં યુવાનો પણ બદલાઈ ગયા!!

દેવાનંદ - રાજકપૂર - દિલીપ કુમારનો સૂર્ય મધ્યાહને હતો ત્યારે જ રાજેશ ખન્નાએ એન્ટ્રી લીધી અને ટૂંકા ઝભ્ભા યુવાનોમાં પ્રસિધ્ધ થયાં. અમિતાભ બચ્ચન આવ્યો અને ફિલ્મ અને ફૅશનનાં સમીકરણો બદલાઈ ગયા. એનું બધું જ અલગ હતું. અમિતાભનાં આવવાથી રાજેશ ખન્નાનો અસ્ત થયો. રાજેશ ખન્નાની કૉપી કરતાં કરતાં પોતાની જ નવી સ્ટાઈલ નિર્માણ કરવા તરફ બચ્ચને ધ્યાન આપ્યું. એ વખતે યુવાનોમાં મગજમાં ઘુમરી ખાતો ગુસ્સો એણે એની ભૂમિકાથી વ્યક્ત કર્યો. એમજ એમનાં કપડાં પણ યુવાનોમાં ફેવરીટ થવાં લાગ્યાં. બૅલબૉટમ્સની સ્ટાઈલ બીગ બીએ નહોતી લાવી, પણ એણે ટકાવી રાખવામાં માત્ર જોરદાર યોગદાન આપ્યું!!

અમિતાભનાં સેટ વાળની ફૅશન ઘણાં વર્ષો સુધી છવાયેલી રહી. મિથુન ચક્રવતીની શરૂઆતની ફિલ્મોમાં એની હૅર સ્ટાઈલ અમિતાભ જેવી જ હતી! રણધીર કપૂર પણ બચ્ચન હેરસ્ટાઈલ ને જ ફૉલો કરતો હતો. બચ્ચનની જેમ બીડી પીનારાંય કંઈ કમ નહોતાં, એની ડાયલૉગ ડીલીવરી, કૉલેજ અને ગલ્લાં કે મિત્રોમાં ખાસ જોવાં મળતી... અમિતાભની સાથે શ્રીદેવીનો જમાનો હતો અને એ લેડી અમિતાભ ઓળખાતી!

શ્રીદેવીએ ફૅશનમાં એક નવી જ ગ્રેસ ઊભી કરી. ચાંદની હોય કે લમ્હે. શિફૉનની સાડીમાં ખરાં અર્થમાં શ્રીદેવી આકર્ષક દેખાઈ. લાલ ચટ્ટાક લીપ્સ્ટીક એ શ્રીદેવીની આઈડેન્ટીટી બની. આગળ જતાં માધુરી દિક્ષિતે પીંક શૅડ અપનાવ્યા બાદ ફરી એકવાર મૅકઅપનો ટ્રેન્ડ બદલાયો. માધુરનાં આવતાં પહેલાં મૅકઅપમાં મેટ ફીનીશની બોલબાલા હતી, એટલે ચળકાટ નહોતો એવું નહીં પણ એવો ટ્રેન્ડ નહોતો. પણ માધુરીએ ચકચકાટ ચળકતો મૅકઅપ અપનાવી એક નવો ટ્રેન્ડ શરૂ કર્યો. ગ્લૉસી લૂક એ એની સ્ટાઈલ હતી. એમ જોવા જઈએ તો માધુરીની ડ્રેસિંગ સૅન્સ શરૂઆતમાં બહુ ભયંકર હતી.

જેમ ધીમે ધીમે કોશેટામાંથી પતંગિયુંબહાર આવી રંગબેરંગી પાંખો ફડફડાવે એમ માધુરીની ડ્રેસિંગ સૅન્સ ખુલવા લાગી. અને 'હમ આપકે હૈ કૌન' માં પહેરેલું બૅક ઑપન બ્લાઉઝ માધુરી માટે સ્ટાઈલ સ્ટેટમૅન્ટ બની ગયું. એવો જ એકડો ઘુંટતા જુહી ચાવલાએ ઑફ શૉલ્ડરની ફૅશન અપનાવી. લાઈટ અનેપેસ્ટલ કલર્સને ગ્લેમર અપાવવાનું કામ જુહીએ કર્યું... નહી તો જુહી પહેલાની હીરોઈનો ઘાટાંઅનેભડકીલાં કલર્સનાં ડ્રેસ જ પહેરતી!!

બૉલ્ડ સીન કરવાં બદલ અથવા અંગ પ્રદર્શન કરતાં વસ્ત્રો પહેરવા માટે આપણે આજકાલની હીરોઈનની છડેચોક ચર્ચા કરીએ છીએ પણ અતિતમાં ડોકીયું કરીએ તો શર્મિલા ટાગોરનો સ્વિમ સ્યુટ યાદ આવે છે? 'આસમાન સે આયા પરિંદા પ્યાર કા સબક સીખલા ને' ના ગીતમાં શર્મિલા ટાગૉરે શરમ બાજુએ મુકી સ્વિમ સ્યુટમાં યુવાનોની ધડકન વધારેલી... આર્ટના નામે અંગપ્રદર્શન કરાવવામાં રાજકપૂરનો જોટો જડે તેમ નથી. સિમ્મી, જિન્નત, નરગીસ, મંદાકિની, ઝેબા... એમનાં મુવીની દરેક હીરોઈનો પાસે યેનકેન પ્રકારેણ અંગપ્રદર્શન કરાવેલું જ. બૉબીમાં ડિમ્પલને પણ જેવી રજુ કરી એવી કોઈએ નથી કરી!!

(અનુસંધાન પાના નં. ૬ પર)